વર્ષની છેલ્લી સામાન્ય સભામાં શાસક પક્ષના સભ્યો વિપક્ષની ભૂમિકામાં દેખાયા

# ઓડિટ, દબાણો, કોટેજ ઈન્ડ. મુદ્દે તડાફડી

**પાંડવ,** વાણીયાવાલા અને મરાઠેએ મનપાની ક્ષતિઓ બાબતે ફરિયાદ કરી

**ઓડિટ** રિપોર્ટ મુદ્દે વિપક્ષના આક્ષેપોનો ચીમન પટેલે જવાબ આપ્યો

સુરતઃ આજે વિદાય થતા વર્ષ 2025ની મનપાની છેલ્લી સામાન્ય સભામાં વિપક્ષે ઓડિટ રિપોર્ટના આધારે મનપાના કારોબાર પર તેમજ કોટેજ ઈન્ડસ્ટ્રીઝ મુદ્દે તંત્રની શાહમૃગનીતિ પર નિશાન સાધ્યું હતું. તો શાસકપક્ષના જ અમુક કોર્પોરેટરોએ ગેરકાયદે બાંધકામ, દબાણો અને મનપાના શાંતિકુંજોમાં અસામાજિક પ્રવૃતિઓ મુદ્દે વહીવટીતંત્ર પર પ્રહારો કર્યા હતા.

ભાજપના દંડક ધર્મેશ વાણિયાવાળાએ શિયાળાની ઋતુને ધ્યાને રાખી સવારે પાંચ વાગે ગાર્ડન ખોલવાનું સૂચન કર્યું હતું. આ ઉપરાંત શાંતિકુંજમાં કોઈપણ પ્રકારની સિક્યુરિટી રાખવામાં આવતી નથી, તેથી અસામાજિક તત્વો ગેરપ્રવૃત્તિ કરે છે. મહિલાઓ માટે સલામતી નથી, તેથી સિક્યુરિટીની વ્યવસ્થા કરવા માંગ કરી હતી.

વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ ઓડિટ મુદ્દે શાસકોને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે ભાજપના કોર્પોરેટર ચીમન પટેલે વિપક્ષે કરેલા આક્ષેપો અભ્યાસ વગરના અને પ્રજાને ગેરમાર્ગે દોરતા હોવાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, વિપક્ષે જે વાંધાઓ ગણાવ્યા છે તેમાંથી 75 ટકા વાંધાઓ તો સોલ્વ થઈ ચુકયા છે.

સભાગૃહમાં ભાજપના નગરસેવક નરેન્દ્ર પાંડવે ગંભીર આક્ષેપો કરતા કહ્યું હતું કે શહેરમાં ઢગલાબંધ ગેરકાયદે બાંધકામ થાય છે. મેં અરજીઓ પણ કરી, છતાં હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

### કોટેજ ઇન્ડ.ની પાસે અસામાજિકોનો અડ્ડો, દીકરીઓ સલામત નથી

વિરોધ પક્ષના સભ્ય શોભના કેવડિયાએ જણાવ્યું હતું કે સુરતમાં બહારથી લોકો વેપાર ધંધા માટે આવે છે અને પાલિકા દ્વારા કોટેજ ઇન્ડસ્ટ્રીયલના નામે આડેધડ પરવાનગીઓ આપી દેવામાં આવી છે. હાલમાં શહેરમાં એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે કોટેઝ ઇન્ડસ્ટ્રીયલની બહાર પાનના ગલ્લા પર અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયો છે. ત્યાંથી પસાર થતી દીકરીઓ પણ સલામત નથી અને અધિકારીઓ પણ આંખ આડા કાન કરી પ્રશ્નો સાંભળવા તૈયાર નથી. તેઓને માત્ર પૈસા ક્યાં મળે છે તેમાં જ રસ છે.

### લિંબાયતમાં પુરાણ કરી ગેરકાયદે બિલ્ડિંગ બન્યું, વિધર્મીઓએ ગેરકાયદે માર્કેટ બનાવી

ભાજપના નગરસેવક સોમનાથ મરાઠેએ જણાવ્યું હતું કે લીંબાયતના સાયલા નગરમાં છ મહિના પહેલા પોલીસ દ્વારા અનેક બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેમને બોર્ડર સુધી મૂકી દેવામાં આવ્યા છે. પરંતુ સુરત મહાનગરપાલિકાના આકારણી વિભાગે પણ અહીં તપાસ કરવાની જરૂર છે અને આ મકાનોના કયા પુરાવાના આધારે બાંધકામ થયા છે? અહીં તળાવમાં પણ પુરાણ કરીને ગેરકાયદે બિલ્ડીંગ બનાવવામાં આવી છે. જેથી કોના ઈશારા પર આ બાંધકામ થયા છે તે પણ તપાસ થવી જોઈએ. ઉધના રેલવે સ્ટેશન પાસે રોડ નંબર 2 પર વિધર્મીઓ દ્વારા ગેરકાયદે માર્કેટ ઉભી કરી દેવામાં આવી છે, જે તાત્કાલિક ધોરણે હટાવવામાં આવે જેથી લોકોને જગ્યા મળે.

### સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હજુ ચાલુ નથી થયું, ત્યાં અઢી લાખનું લાઈટબિલ

આમ આદમી પાર્ટીના ડો. કિશોર રૂપારેલીયાએ જણાવ્યું હતું કે લીંબાયતમાં પાલિકા દ્વારા પાંચ મહિના પહેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, પરંતુ હજુ સુધી ખુલ્લુ મુકાયું નથી. કોમ્પ્લેક્સ હજુ બંધ હોવા છતાં રૂપિયા અઢી લાખનું બિલ આવી ગયું અને નહીં ભરતા ડીજીવીસીએલે લાઈટનું કનેક્શન કાપી નાંખ્યું છે.

### સામાન્ય સભામાં કોન્ટ્રાક્ટરોના નામ લઇ વિપક્ષ તોડ કરે છેઃ રાજપુરોહિત

ભાજપના દિનેશ રાજપુરોહિતે જણાવ્યું હતું કે વિપક્ષના સભ્યો પાલિકાની સભામાં માત્ર ભ્રષ્ટાચારની વાતો કરે છે અને કોન્ટ્રાક્ટરના નામ લે છે. તેઓ કોન્ટ્રાક્ટર સુધી એ વાત પહોંચાડવા માંગે છે કે પાલિકાની સભામાં તેઓના નામની ચર્ચા કરી હતી. આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી આ લોકો કામ કરે છે અને ત્યારબાદ કોન્ટ્રાક્ટરો પાસે હપ્તા બાંધે છે.

### કાપોદ્રામાં જર્જરિત શાળામાં એક જ વર્ગમાં બાળકોને ભણાવાય છે : કોઠીયા

વિપક્ષના નગરસેવક કુંદન કોઠિયાએ જણાવ્યું હતું કે કાપોદ્રામાં બોમ્બે કોલોની પાસે જર્જરીત શાળા ક્રમાંક 94 અને 96માં રીપેરીંગ કામ ચાલી રહ્યું છે. જેથી એક જ વર્ગખંડમાં અલગ અલગ ત્રણથી ચાર ધોરણના વિદ્યાર્થીઓને બેસાડી અભ્યાસ કરાવવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં અસર થાય છે.

એવું લાગે છે કે શાસકો ઇજારદારોના લાભાર્થે પ્રોજેક્ટ કરે છે

## ચાર્જિંગ સ્ટેશન, રિવરફ્રન્ટ, સાઈકલ શેરિંગ મનપા માટે ધોળા હાથી સમાન

**વિભાગો** વચ્ચે સંકલનના અભાવે પ્રોજેક્ટ્સમાં અણઘડ ડાયવર્ઝનથી લોકો હેરાન

સુરતઃ સભામાં વિપક્ષી નેતા જણાવ્યું હતું કે, એવું લાગે છે કે શાસકો લોકોની સુખાકારી માટે નહી ઇજારદારોના લાભાર્થે પ્રોજેક્ટ હાથ ધરે છે. તાપી નદી કિનારે કરોડોના ખર્ચે બનાવેલા વોક-વે પર માવજતના અભાવે અહીં લોકો નહીં પરંતુ રખડતા ઢોર ફરે છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા ચાર્જિંગ સ્ટેશન માત્ર શોભાના ગાંઠિયા સાબિત થયા છે. સાઈકલ ટ્રેક આજે સંપૂર્ણ ખંડેર બની ગયો છે. સાઈકલો ખખડધજ થઈ ગઈ છે. બાયોડાયવર્સિટી પાર્કમાં પાંચ લાખ વૃક્ષોના વાવેતરની વાતો કરવામાં આવી હતી, પરંતુ આજે પાર્ક ખંડેર બની ગયો છે. દર વર્ષ લાખો મુલાકાતી અને કરોડોની આવક છતાં એક્વેરિયમમાં અણઘડ વહીવટના કારણે મુલાકાતી પણ ઘટવા લાગ્યા હતા. હાલ ત્યાં 21 કર્મચારીનું મહેકમ ખર્ચ પણ માથે પડે છે. આવા તો ઘણા પ્રોજેક્ટ હાથીના દાંતની જેમ માથે પડી રહ્યા છે.

### મેટ્રો પ્રોજેક્ટે શહેરને ઠપ્પ કરી દીધું, શાસકોનો કોઇ કંટ્રોલ નથી

પાયલ સાકરીયાએ જણાવ્યું કે મેટ્રોના કામને કારણે શહેરની જનતા ત્રાહિમામ પોકારી ઊઠી છે. રસ્તાઓ પર રોજ ભારે ટ્રાફિક જામ સર્જાય છે. મેટ્રો ફેઝ-1 અને ફેઝ-2 શરૂ કરવાની મોટી મોટી જાહેરાતો કરવામાં આવી, પરંતુ સમયમર્યાદા લાંઘી ગઈ હોવા છતાં એક પણ ફેઝ પૂર્ણ થયો નથી. આથી સ્પષ્ટ થાય છે કે શાસકોનો મેટ્રોના અધિકારીઓ પર કોઈ કંટ્રોલ નથી.

## સ્ટોક છતાં 86 લાખના ટાયરની ખરીદી, ઇનોવા માટે 33 લાખનો ખર્ચ

સભામાં વિપક્ષના સભ્ય મહેશ અણઘણેએ જણાવ્યું કે આંકડાઓ મુજબ MGV ટ્રક માટે 25 ટાયરનો સ્ટોક હોવા છતાં 2, HGV કેટેગરીમાં 61 ટાયર હોવા છતાં 30 અને ફરી એમજીવી-21 માટે 40 ટાયર, ટાટા મોબાઇલ વાનના 7 ટાયર સ્ટોકમાં હોવા છતાં 2, જીપના 4 સ્ટોકમાં હોવા છતાં 2 અને ટેમ્પોના 7 સ્ટોકમાં હોવા છતાં 2 ટાયર ખરીદાયા.JCB લોડરમાં 21 ટાયર સ્ટોકમાં હોવા છતાં વધુ 2 ટાયર ખરીદાયા, જ્યારે ત્રણ વર્ષમાં માત્ર 6 જ વપરાયા. ટાટા વિગરમાં 31 ટાયર સ્ટોક હોવા છતાં 15, ટાટા ઝેનોનમાં 16 સ્ટોક હોવા છતાં 40 અને ટાટા ACEમાં 12 સ્ટોક હોવા છતાં 2 ટાયર ખરીદાયા. ઇનોવા માટે 9 ટાયરનો સ્ટોક હોવા છતાં 24 ટાયર ખરીદાયા, જેમાંથી છ મહિનામાં માત્ર 5 જ વપરાયા હોવાનો દાવો કરવામાં આવ્યો. નેક્સોન અને સ્કોર્પિયો જેવા વાહનોમાં પણ સ્ટોક હોવા છતાં ખરીદી કરવામાં આવી હોવાનું જણાવાયું. મનપાએ ખરીદેલી નવી નક્કોર ઇનોવા ગાડીના મેન્ટેનન્સ પાછળ વાર્ષિક 33 લાખ અને ત્રણ વર્ષમાં 90 લાખ વપરાયા, આ પાર્ટ્સ કોની ગાડીમાં નંખાયા?

### સૌરાષ્ટ્ર પટેલની હોસ્ટેલને પેઇડ FSIમાંથી મુક્તિ નહીં આપવાનો ઠરાવ રદ કરો

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે લસકાણા ખાતે હોસ્ટેલ બનાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઇ સમાજ દ્વારા હોસ્ટેલ બનાવવામાં આવી રહી હોય, જે તે સમયે મનપાની સામાન્ય સભામાં સર્વાનુમતે હોસ્ટેલને પેઇડ એફએસઆઇમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સરકારે મંજૂરી નહીં આપતા પેઇડ એફએસઆઇમાંથી મુક્તિ આપવા માટે અગાઉ કરેલો ઠરાવ રદ કરવાની જાણ લેવાનું કામ સામાન્ય સભામાં રજૂ કરવામાં આવ્યું, તેનો આમ આદમી પાર્ટીએ સખત વિરોધ કર્યો હતો.

## AAI ઈન્સ્ટિ. ટેબલ ટેનિસમાં હરમિત દેસાઈનો ત્રિપલ ક્રાઉન

**હરમિતે** સિંગલ્સ, યશસ્વી સાથે મિક્સ્ડ ડબલ્સ અને ટીમ ચેમ્પિયનશિપ જીતી



ઈન્દોર, તા. 30 : અહીં રમાયેલી 52મી એએઆઇ ઈન્સ્ટીટ્યૂશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં સુરતના હરમીત દેસાઇએ શાનદાર પ્રદર્શન કરીને મેન્સ સિંગલ્સની સાથે જ મિક્ષ્ડ ડબલ્સ અને ટીમ ચેમ્પિયનશિપ એમ કુલ ત્રણ ટાઇટલ જીત્યા હતા.

હરમીતે પહેલા સિંગલ્સમાં સ્નેહિતને આકરી મેચમાં શરૂઆતની બે ગેમ જીતીને સરસાઇ મેળવી હતી. જો કે મેચ અંત સુધી ટક્કરની રહી હતી. છઠ્ઠી ગેમમાં 10-6થી આગળ ચાલતો હરમીત જીતથી માત્ર એક ડગલું દૂર હતો પણ સ્નેહિતે જોરદાર વાપસી કરીને ગેમ 16-14થી જીતી હતી. જો કે તે પછી નિર્ણાયક ગેમમાં હરમીતે અનુભવને કામે લગાડીને અંતે મેચ 11-9, 11-9, 2-11, 11-5, 14-16, 11-5થી હરાવ્યો હતો. તે પછી યશસ્વી ઘોરપડે સાથે મળીને પ્રીયેશ રાજ અને સંપદા ભિવંડીકની જોડીને 3-0થી હરાવીને બીજુ ટાઇટલ જીત્યું હતું અને સયાલીએ મહિલા સિંગલ્સ ટાઇટલ જીતતા તેમણે ટીમ ચેમ્પિયનશિપ ટાઇટલ પણ કબજે કર્યું હતું.

### ઓનલાઈન વેપારના બહાને ગઠિયાઓએ માલ પડાવી લીધો

સુરતઃ મૂળ અમરેલીના અને હાલ ડભોલી રામેશ્વર રેસિડન્સીમાં રહેતા ૩૭ વર્ષીય કમલેશ ભાનુભાઈ પાંડવ ઓનલાઈન વેપાર કરે છે. યશ અશ્વિનભાઈ ગાધેરીયા અને ઈશાન ગાબાણીનો સંપર્ક તેમની સાથે થયો હતો. બંને આરોપીએ કમલેશભાઈને વિશ્વાસમાં લઈ Meesho એપ પર એક એકાઉન્ટ ખોલાવ્યું હતું. આરોપીઓએ આ એકાઉન્ટ પરથી મોટા પ્રમાણમાં COD (કેશ ઓન ડિલિવરી)ના ઓર્ડરો આપવાનું શરૂ કર્યું. ઓર્ડરો મુજબનો માલ ફરિયાદીએ સમયસર મોકલી આપ્યો હતો. આરોપીઓએ ઓર્ડરો દ્વારા કુલ રૂ. ૨,૯૪,૯૫૦ જેટલી રકમનો માલ મેળવી લીધો હતો, પરંતુ નક્કી મુજબની ચૂકવણી ફરિયાદીને કરી નહોતી. પોલીસે વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો છે.

### 5 દિવસીય બેંકિંગ અઠવાડિયું લાગુ નહીં થાય તો બેંક કર્મચારીઓ હડતાળ પાડશે




સુરત : યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા 5 દિવસનુ બેંકીંગ અઠવાડીયુ લાગુ કરવાની માંગણી માટે આંદોલન તથા હડતાલનુ એલાન આપવામાં આવ્યું છે. આજે બેંક ઓફ ઇન્ડિયા, ઘોડદોડ રોડ, સુરત ખાતે બેન્કિંગ યુનિયનના આગેવાનો ડી.એમ. ચાવડા (બેંક ઓફ બરોડા), સંજીવ દલાલ (યુનિયન બેંક ઓફ ઈન્ડીયા), અનિલ દુબે(બેંક ઓફ ઈન્ડીયા) ના નેતૃત્વમાં UFBU ના આહ્વાન મુજબ બેંક કર્મચારીઓએ દેખાવો યોજ્યા હતા.

## બે દિવસમાં 8.73 કરોડનાં કામોનું ખાતમુહૂર્ત કરાશે

**આજે** ભીમપોરથી ડુમસ લંગર સુધીના અને કનસાડ- સચિન- ઉન- આભવામાં વોક-વે, રોડ વાઈડનિંગનાં કામોનું ખાતમુહૂર્ત કરાશે

સુરતઃ ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈના હસ્તે બે દિવસમાં 8.73 કરોડના કામોનો પ્રારંભ કરવામાં આવશે.

ભીમપોર બે ફંટાથી ડુમસ લંગર સુધીના માર્ગને નવી ડિઝાઈન મુજબ વાઈડનિંગ કરવામાં આવશે. આ કામ માટે અંદાજિત 2.96 કરોડનો ખર્ચ થશે. ડુમસ વોર્ડ ઓફિસથી હાઈમાસ ટાવર સુધીના માર્ગને પહોળો કરવા 2.20 કરોડના ખર્ચે કામગીરી કરાશે. ડુમસ લંગરથી ડુમસ વોર્ડ ઓફિસ સુધીના માર્ગનું 49.73 લાખના ખર્ચે વાઈડનિંગ કરાશે.

1 જાન્યુઆરીએ સાઉથ ઝોન-બી (કનકપુર) દ્વારા અંદાજિત 3.06 કરોડથી વધુના ખર્ચે પાંચ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરાશે. જેમાં કનસાડ ગામમાં એન્ટ્રી ગેટથી વોર્ડ ઓફિસ સુધી રસ્તાની બંને બાજુ વોક-વે બનાવવા 95.06 લાખનો ખર્ચ થશે. ગુજરાત સ્લમ બોર્ડ સચિન DGVCL કચેરીથી સમર્પણ સોસાયટી સુધીના 18 મીટર રોડ તેમજ કનકપુર નગરપ્રાથમિક શાળાની પાછળથી પસાર થઈ સુરત-નવસારી રોડ પર આવેલી બેંક ઓફ બરોડા સુધીના 15 મીટર રસ્તાના વાઈડનિંગ માટે 76.97 લાખ ફાળવાયા છે. કનસાડ હળપતિવાસ વિસ્તારમાં આંતરિક રસ્તાઓ માટે ડ્રેનેજ સુવિધા વિકસાવવા 60.08 લાખ ખર્ચાશે. તેમજ ગુજરાત હાઉસિંગ બોર્ડ સી.ઓ.પી. નંબર 7 અને 8 ના એરિયા ડેવલ્પમેન્ટ માટે અનુક્રમે 47.20 લાખ અને 27.61 લાખનો ખર્ચ કરવામાં આવશે.

## ગે એપના નામે લોકોને લૂંટતી ટોળકી ઝબ્બે

**બે** કોલેજિયનને ત્રણ સગીર સાથે મળીને મેનેજર સહિત ચારેક જણાંને માર મારી, લૂંટ ચલાવ્યાનો પર્દાફાશ

સુરતઃ Grindr Gay Dating & Chat એપ્લિકેશનના માધ્યમથી યુવકોને ફસાવી માર-મારી, ધાકધમકી અને બળજબરીથી રૂપિયા પડાવવાની ઘટનાઓ સામે આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

લસકાણા પોલીસે આ ટોળકીના સભ્યો રોહન હિતેશભાઈ લાડુમોર (રહે. સંસ્કારવિલા સોસાયટી, સરથાણા જકાતનાકા), હાર્દિક સંજયભાઈ ખડસલીયા (રહે. રાજહંસ સ્વપન, સરથાણા જકાતનાકા) તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ બાળ કિશોરને ઝડપી પાડ્યા હતા.

કામરેજમાં રહેતા 27 વર્ષીય મેનેજરનો Grindr એપ પર આરોપી મિહિર નામના ઈસમે સંપર્ક કર્યો હતો. ગત 27/12/2025ના રોજ સાંજે 4:30થી 5:30 વાગ્યાના સમયગાળા દરમિયાન તેને સાગવાડી નજીક આંબાના ખેતરમાં બોલાવી ઢીક-મુક્કીનો માર મારી 69,200ની લૂંટ ચલાવી હતી.

ટોળકીએ અત્યાર સુધીમાં પાંચ ગુનામાં ત્રણને લૂંટ્યાનું બહાર આવ્યું છે.

પોલીસે જણાવ્યું કે રોહન B.Sc. અને હાર્દિક B.Com અભ્યાસ કરે છે, જ્યારે ત્રણ સગીર ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરે છે.

## હાઈકોર્ટના ગુજરાતી ફોન્ટસ ફરજિયાત કરાતાં વકીલમંડળનો વિરોધ

**લોહિત** ફોન્ટ્સ વિશે સંપૂર્ણ જાણકારીનો અભાવ, ખર્ચાળ હોવા સહિતનાં કારણો રજૂ કરી નિર્ણય પાછો લેવા વિનંતી

**હાઇકોર્ટના** ચીફ જસ્ટિસને પત્ર લખી રજૂઆત કરી

સુરતઃ ગુજરાત હાઈકોર્ટના લોહિત ફોન્ટસ ફરજિયાત ઉપયોગ કરવાના પરિપત્ર સામે સુરત જિલ્લા વકીલ મંડળે વિરોધ કરી ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસને પત્ર પાઠવ્યો હતો.

આ પત્રમાં સુરત જિલ્લા વકીલ મંડળે જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક પરિપત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતી ફોન્ટ્સ Lohit Gujrati / Noto Sans Gujrati / Noto Serif Gujrati ફરજિયાત વાપરવાનું જણાવવામાં આવ્યું છે. જે સામે સખ્ત વિરોધ કરીએ છીએ. જેના કારણો આપતાં જણાવ્યું હતું કે લોહિત સહિત ગુજરાતી ફોન્ટ્સ અમે વાપરતા નથી, ઉપયોગમાં લેતા નથી. જેથી તેની સંપૂર્ણ જાણકારી કે માહિતી કે પ્રેક્ટિસ નથી.

જેથી તેનો ઉપયોગ કરવામાં ઘણી અગવડતા પડી રહી છે. નવી સિસ્ટમ ખરીદવા મોટો ખર્ચ થાય છે. જેને ધ્યાને લઈ લોહિત ફોન્ટ્સ વિગેરેનો ઉપયોગ અટકાવી અને હાલ જે ફોન્ટ્સ ચાલે છે તે યથાવત રાખવા વિનંતી કરાઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગોયંકા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ક્રિસમસ “કાર્નિવલ 1.0”નું આયોજન



સુરતઃ ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલે 24 ડિસેમ્બરે સાંજે 4:30 વાગ્યે પોતાની બહુ અપેક્ષિત ક્રિસમસ ફંડરેઇઝર “કાર્નિવલ 1.0” નું સફળ આયોજન કર્યું હતું. કાર્નિવલ 1.0 માં કુલ 42 સર્જનાત્મક રીતે તૈયાર કરાયેલા સ્ટોલ્સ હતા, જે સંપૂર્ણપણે વિદ્યાર્થીઓ દ્વારા કલ્પિત અને સંચાલિત કરવામાં આવ્યા હતા. ભોજન, રમતો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ તથા મનોરંજનથી ભરપૂર દરેક સ્ટોલમાં ઉત્તમ આયોજન, નેતૃત્વ, ટીમવર્ક અને જવાબદારીનો સુંદર પરિચય મળ્યો. આ ફંડરેઇઝરનું આયોજન આર્થિક રીતે પછાત બાળકોને સહાય કરવાનો ઉદ્દાત હેતુ રાખીને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા માત્ર ઉત્સવમય આનંદ જ ફેલાયો નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં કરુણા અને સમાજસેવાના મૂલ્યો પણ વધુ દૃઢ બન્યા. આનંદ, ઉત્સાહ અને હેતુનું સુંદર સંયોજન સાથે, કાર્નિવલ 1.0 એક ભવ્ય સફળતા સાથે પૂર્ણ થયું–જે સાબિત કરે છે કે જ્યારે યુવાનમન એક સારા હેતુ માટે એકત્ર થાય છે, ત્યારે ઉજવણીઓ ખરેખર અર્થસભર બની જાય છે.

### ફેમિલી ફિઝિશિયન એસો. દ્વારા ગુલશન લાફિંગ ક્લબ સાથે સૂરમયી સફર યોજાઈ




સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન સુરતના પ્રોજેક્ટ ‘બુઝર્ગો કા હમસફર’ અંતર્ગત સંગીતની સુરાવલી રેલાવતો કાર્યક્રમ સૂરમયી સફરનું આયોજન તાજેતરમાં ગુલશન લાફિંગ ક્લબના સભ્યો સાથે ડુમસના ફાર્મહાઉસ ખાતે રમણીય વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સ્થાપક પ્રમુખ પી એસ કમલાનીએ આવકાર પ્રવચન આપી, જીવનમાં હાસ્યનું મૂલ્ય અને તેના ફાયદા જણાવ્યા હતા. પ્રમુખ મહેન્દ્ર કઢીવાલાએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. ઢળતી સંધ્યાએ અને રમણીય સાંજે ડુમસના આલ્હાદક વાતાવરણમાં સૂરમયી સફરના ડો. દિપક અને ઈલા તોરાવાલા, ડો. જયેશ તમાકુવાલા અને શ્રીમતી પારુલ કાપડિયાએ વીતેલા જમાનાના કર્ણપ્રિય, લોકપ્રિય ગીતો મનભાવન રીતે રજૂ કર્યા હતાં, ડો. જયેન્દ્ર કાપડિયાએ શબ્દસારથી અને ડો. દિપક તોરાવાલાએ સંકલન કર્તા તરીકે સેવા આપી હતી. વિનોદ અને વાસુબેન કણીયાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમ સભ્યોએ મન ભરીને માણ્યો હતો.

### દસ વર્ષની મર્યાદાનો અમલ, ધી રાંદેર પીપલ્સ બેંકમાં નવા હોદ્દેદારો નિમાયા



સુરતઃ રિઝર્વબેંકની દસ વર્ષની સમયમર્યાદાનો સચોટ અમલ સાથે ધી રાંદેર પીપલ્સ બેંકની બોર્ડ ઓફ ડાયરેક્ટરની ચૂંટણીમાં યુવા અને અનુભવી ટીમનાં ૧૫ સભ્યો બિનહરીફ ચૂંટાય આવ્યા હતા. જેમાં નવયુવાન વિશાલ કે.સેલરની નવા બેંકનાં ચેરમેન તરીકે અને મહેશભાઈ ભારતીની વાઇસ ચેરમેન તરીકે વરણી કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સને ૧૯૨૩માંસ્થપાયેલી અને ‘લાલબેંક’ના હુલામણાથી લોકપ્રિય ધી રાંદેર પીપલ્સ કો ઓ બેંક લિ.માંવર્ષોથી સક્ષમ હોદેદારો હતા. જેમણે ચેરમેન કમલેશભાઈ સેલરના અધ્યક્ષપદેથી બેંકને તંદુરસ્ત દિશા- દોર આપ્યો હતો. અન્ય હોદેદારોમાં પ્રવિણભાઈ પરમાર, શ્રીમતી સોનાલીબેન બોધાવાલા, બિપીનભાઈ નાયક, નીરજભાઈ નાયક, રાકેશભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી. માં અન્નપૂર્ણા ટ્રસ્ટનાં પ્રમુખ નિતીનભાઈ મહેતાએ એક ટૂકાં સંભારંભમાં નવ નિયુક્ત ચેરમેન વિશાલ સેલર સહીત સૌ ડીરેક્ટરોનું સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી. બેંકનાં પૂર્વ ચેરમેન ઇશ્વરભાઈ પટેલ, રવિન્દ્રભાઈ સેલર અને બેંક સંર્વધક કમલેશ સેલરે પૂર્વ ડીરેક્ટર ભૂપેન્દ્રભાઇ પટેલ, ઠાકોરભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ સેલર, શ્રી બ્રિજેશભાઇ બોધાવાલા હાજર રહી શુભેચ્છા પાઠવી હતી.

### ઓઇલી અને એક્ને-પ્રોન સ્કિન માટે ડૉ. સખીયા દ્વારા એન્ટિ એક્ને કિટ લોન્ચ



સુરતઃ ભારતીય ઓઇલી અને એક્ને-પ્રોન ત્વચા માટે ખાસ વૈજ્ઞાનિક રીતે વિકસિત ડો. સખીયા’સ એન્ટિ એક્ને એન્ડ પિમ્પલ કેર કિટનું સત્તાવાર લોન્ચ સુરતના લાલ દરવાજા સ્થિત સખીયા સ્કિન ક્લિનિક ખાતે કરવામાં આવ્યું હતું. આ અવસરે સખીયા સ્કિન ક્લિનિકના સ્થાપક અને જાણીતા ડર્મેટોલોજિસ્ટ ડો. જગદીશ સખીયાએ જણાવ્યું હતું કે, 27 વર્ષના અમારા ક્લિનિકલ અનુભવના આધારે એવી કિટ વિકસાવવામાં આવી છે, જે ખાસ ભારતીય ત્વચા માટે સલામત, અસરકારક અને વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત છે.

### પ્રભુને તમારી સાથે અને તમારે માથે રાખોઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



સુરતઃ પીપલોદ- ડુમસ રોડ ઓડી કાર શોરૂમની પાછળ શ્રી શાંતિનાથ જૈન સંઘમાં જૈનાચાર્ય વિજય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થતાં ઢોલ નગારા સાથે સામૈયું કરવામાં આવ્યું હતું. સ્વાગત યાત્રા બાદ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી ત્રણ દિવસ સ્થિરતા કરીને અમૃતવાણીનું આચમન કરાવશે. આ પાવન અવસરે આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, ચાર ગતિમાં શ્રેષ્ઠ ગતિ હોય તો મનુષ્ય ગતિ છે. મુક્તિની મંઝિલે પહોંચવા માટે સાધના માટેની ભૂમિ માનવલોકની છે. માનવભવ ખાવા-પીવા અને જલશાબાજી માટે નથી મળ્યો. આજે તો માણસ માનવભવનું મૂલ્ય જ વિસરી ચૂક્યો હોય તેવું લાગે છે. અર્થ અને કામ પુરુષાર્થ માટે માનવ જાતિ જે રીતે આંધળી દોટ મૂકી રહી છે તે જોતાં અત્યારે સ્પષ્ટ લાગે છે કે માનવ ભારે મુંઝવણમાં છે. સંકટોનો સામનો ક્યાં સુધી કરશો ? સંકટોને સહર્ષ રીતે સ્વીકારી લો. સોના-ચાંદી કે શેરબજારનું માર્કેટ જોઈને જરાય મોહાવાની જરૂર નથી. આ કોઈ ચળકાટ નથી કે પ્રકાશ નથી પણ ઉકળાટ અને ભડકો છે. ‘ઇન્સ્ટન્ટ મની’ની લહાયમાં જીવનને ઘમરોળી નાખવાનું અધમ કૃત્ય કરશો નહીં. પ્રભુને તમારી સાથે અને તમારે માથે રાખો.